## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



જોજે... આ લોકો બદલો લીધા વગર નહીં છોડે... અમદાવાદનું નામ બદલી કર્ણાવતી કરવાના છે તેમ... આતંકવાદ શબ્દ જ કાઢી નવું રાખશે...

# વિદેશી દારૂ ભરીને જતી કારે પોલીસને ચાર કિલોમીટર દોડાવી..!!

**ઈન્ફોર્મેશન આધારે ડીવાયએસપી અને પેથાપુર પોલીસની ટીમે મહુડી-પેથાપુર હાઈવે પર વહેલી સવારે વૉચ ગોઠવી હતી : આખરે આંતરિક માર્ગ પર ગાડી મુકી બુટલેગર ભાગી ગયો : ૯.૦૨ લાખનો મુદ્દામાલ જપ્ત**

ગાંધીનગર, તા.૧૨

મહુડી-પેથાપુર હાઈવે પરથી વિદેશી દારુ-બિયરનો જથ્થો મહિન્દ્રા એક્સ.યુ.વી ગાડીમાં ભરીને તેની હેરાફેરી થવાની હોવા અંગે ગાંધીનગર ડીવીઝન ડીવાયએસપીને મળતા ડીવાયએસપી અને પેથાપુર પોલીસની ટીમો હાઈવે પર વહેલી સવારથી વૉચ પર ગોઠવાઈ ગઈ હતી. બાતમી વાળી કાર જોઈને વૉચમાં ઉભેલી પોલીસે ગાડીનો પીછો કર્યો પરંતુ પોલીસને જોઈને બુટલેગરે ગાડી ફુલ સ્પિડે આંતરિક રસ્તાઓમાં દોડાવી પોલીસને ચાર કિલોમીટર દોડાવી હતી. આખરે પોલીસને થાપ આપી પેથાપુર જીઈબી નજીક શુખડેશ્વર મહાદેવ નજીક ગાડી મુકી દઈ બુટલેગર ફરાર થઈ ગયો હતો. પોલીસે ગાડી તપાસતા અંદરથી રુ.૨.૦૨ લાખનો દારુ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. દારુ-બિયર અને ગાડી મળી પેથાપુર પોલીસે રુ.૯.૦૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.

ગાંધીનગર ડીવીઝનનાં ડીવાયએસપી વિજય પટેલને બાતમી મળી હતી કે દારુ બિયરનો જથ્થો ભરેલી એક્સ.યુ.વી ગાડી નં.જીજે ૦૩ ઈ.સી ૯૫૨૦ વહેલી સવારે મહુડી-પેથાપુર હાઈવે પરથી ગાંધીનગર તરફ ઘુસી રહી છે. તેને આધારે ડીવાયએસપીની ટીમ અને પેથાપુર પોલીસની ટીમ આજે વહેલી સવારે હાઈવે પર ઉમિયા કેસર પેટ્રોલ પંપ સામે વૉચ પર ગોઠવાઈ ગઈ હતી. બાતમી વાળી ગાડી ત્યાથી પસાર થતા તેને ઉભી રાખવા ઈસારો કર્યો પરંતુ પોલીસને જોઈને સ્પિડ વધારી દીધી હતી. પોલીસની બંને ટીમોને ચારેક કિ.મી સુધી દોડાવ્યા બાદ પેથાપુરનાં આંતરિક માર્ગો પર લઈ જઈ પોલીસને ચકમો આપી શુખડેશ્વર મહાદેવ પાસે ગાડી મુકી બુટલેગર ફરાર થઈ ગયો હતો. પોલીસે તપાસ કરી તો અંદરથી ૫૪૫ નંગ વિદેશી દારુની બોટલ અને ૧૬૮ નંગ બિયરનાં ટીન મળી કુલ રુ. ૨,૦૨,૯૦૦ નો દારુ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. દારુ બિયરનો જથ્થો જપ્ત કરી રુ.૭ લાખની ગાડી મળી રુ.૯,૦૨,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ પેથાપુર પોલીસે દારુ ક્યાથી લવાતો હતો અને ક્યા લઈ જવાતો હતો તે સહિતની વિગતો બહાર લાવવા ફરાર ડ્રાઈવરને પકડી પાડવા દોડધામ શરુ કરી છે.

# ઉવારસદમાં બે મહિના પહેલાનાં આપઘાત પ્રકરણમાં નવો વળાંક

## યુવાનની હત્યા કરી આ કેશને આપઘાતમાં ખપાવવા મૃતદેહ લીમડે લટકાવી દેવાયો હતો

**દિકરીના લગ્નના પાંચ દિવસ પહેલા તેણીના પ્રેમીને ઉવારસદ બોલાવી પરિવારજનોએ હત્યા કરી નાંખી હતી : લગ્નમાં પ્રેમી વિક્ષેપ ન કરે તે માટે કાવતરુ રચ્યુ : છ શખ્સો સામે હત્યાનો ગુનો દાખલ**

ગાંધીનગર, તા.૧૨

ઉવારસદ ગામનાં રાણજીપુરા વિસ્તારમાં બે મહિના પહેલા એક યુવાને લીમડાના ઝાડે લટકી જઈ આપઘાત કરી લીધો હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. આ પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. યુવાને આપઘાત કર્યો નહી હોવાનું બહાર આવ્યુ છે. વાવોલનાં આ યુવાનને ઉવારસદની યુવતી સાથે પ્રેમસંબંધ હતો અને તે યુવતીનાં લગ્ન ૮ મે એ લેવાયા હતા. આ લગ્નમાં પ્રેમી વિક્ષેપ ન કરે તે માટે દિકરીનાં પરિવારજનોએ કાવતરુ ઘડી લગ્નનાં પાંચ દિવસ પહેલા પ્રેમી યુવાનને ઉવારસદ બોલાવીને ગળુ દબાવી હત્યા કરી નાંખી હતી. આ હત્યાને આપઘાતમાં ખપાવવા મૃતદેહ ગામનાં લીમડાનાં ઝાડે લટકાવી દેવામાં આવ્યો અને સવારે પોલીસને જાણ કરી પોલીસ આવે તે પહેલા મૃતદેહ ઉતારી દઈ પુરાવાનોપ નાશ કરી દેવાયો હોવાનુ બહર આવ્યુ છે. અડાલજ પોલીસે મૃતકનાં ભાઈની ફરિયાદ લઈ છ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

વાવોલ ખાતે રહેતો મનોરજી બળવંતજી ઠાકોર ઉવારસદમાં કેશાજી ઠાકોરને ત્યા ઘોડાઓને તાલીમ આપવાનું કામ કરતો હતો. ત્યા સગરામજી શકરાજી ઠાકોરની દિકરી મિત્તલ સાથે તે પ્રેમમાં પડી ગયો હતો. પરિવારજનોને આ વાતની જાણ થઈ જતા મનોરજી સાથે માથાકુટ પણ થઈ હતી. એક તરફ મિત્તલનાં લગ્ન ૮મી મે એ લેવાનાં નક્કી કરી દેવામાં અઅવ્યા હતા તો બીજી તરફ પ્રેમી મહોતજી લગ્નમાં વિક્ષેપ કરશે તેવો ભય દિકરીનાં પરિવારજનોને હતો. દિકરીનાં પ્રેમી મનોરજીનો કાંટો કાઢી દેવાનું નક્કી કરી પરિવારજનોએ લગ્નનાં પાંચ દિવસ પહેલા ઉજી મે એ મનોરને ઉવારસદ બોલાવ્યો..! ગામમાં બોલાવીને તેની સાથે મારઝુડ કરી ગળુ દબાવી નાંખીને તેની હત્યા કરી દેવામાં આવી હતી. આ હત્યાને આપઘાતમાં ખપાવવા માટે મૃતદેહ ઝાડ પર લટકાવી દેવાનુ કાવતરુ રચીને તે પ્લાન મુજબ ગામનાં એક લીમડાનાં ઝાડ પર રાત્રે મૃતદેહ લટકાવી દેવાયો હતો. વહેલી સવારે ગ્રામજનો ઉઠે ત્યારે બધા ત્યા પહોંચી ગયા અને ગ્રામજનો વચ્ચે મહોતે આપઘાત કરી લીધો હોવાના મેસેજ પાસ કરી પોલીસ બોલાવી લીધી હતી. પોલીસ આવે ત્યારે કોઈ ક્લ્યુ ન મળે તેની તકેદારી રાખીને પોલીસ આવે તે પહેલા આ શખ્સોએ ઝાડ પરથી મૃતદેહ ઉતારી દીધો હતો. પોલીસે મૃતદેહ પી.એમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી એફ.એસ.એલ બોલાવી હતી. તાજેતરમાં બંને રિપોર્ટ આવ્યા જેમા હત્યા થઈ હોવાનું ખુલતા અડાલજ પી.આઈ કે.કે.પંડ્યા એ મૃતકનાં ભાઈ શંભુજી ઠાકોરની ફરિયાદને આધારે છ શખ્સો સામે ગુનો દાખલ કર્યો છે. દિકરીનાં પિતા સગરામજી શકરાજી ઠાકોર, મૈલેશ સગરામ ઠાકોર, કાળા ભલા ઠાકોર, હર્ષદ પ્રહલાદ ઠાકોર, રાવજી જીવણ ઠાકોર અને ગામનો આગેવાન કે જેણે આ કાવતરામાં મદદ કરી તે ખુશાલ રવા ઠાકોર મળી છ શખ્સો સામે આઈ.પી.સી કલમ ૩૦૨, ૨૦૧, ૩૪ અને ૧૨૦બી મુજબ ગુનો નોંધી તેમની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# સે-૨૧ શોંપિગ સેન્ટર ખાતે આર.ઓ. પ્લાન્ટનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે ભારે ભીડ જામતી હોય છે. સોના-ચાંદીથી માંડીને શાકભાજી સહિતની ખરીદી માટે શહેરનો દરેક નાગરીકો સે-૨૧ માં જ આવે છે. ત્યારે પાણી પીવા માટે નાગરીકોને ભારે તકલીફનો સામનો કરવો પડતો હતો. અને આમથી તેમ છેક દુર સુધી ભટકવુ પડતુ હતું અને ના છુટકે પાણીના પાઉચ ખરીદીને તરસ છીપાવતા નાગરીકો નજરે પડતા હતા.ત્યારે ગાંધીનગર મહાનગર વોર્ડ નં-૩ ના કોર્પોરેટર પ્રિતિબેન ધવલકુમાર દવેની ગ્રાન્ટમાંથી તેઓએ સેકટર-૨૧ ડ્રિસ્ટીકટ શોંપિગ સેન્ટર ખાતે આજે ઠંડા પાણીના આરઓ વોટર કુલર પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સે-૨૧ શોંપીગ સેન્ટરના વેપારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. જયારે જળ સેવા એજ પ્રભુ સેવાને સાર્થક કરવા સે-૨૧ શોંપીગ સેન્ટર પર પસંદગી કરવામાં આવી છે. ત્યારે આ વોટર કુલર મુકવા અંગે ડીસ્ટ્રીકટ શોંપીગ કાપડ વેપારી વેલફેર એસોશિએશનનો પણ સાથ સહકાર સાંપડયો છે.




# વાલ્મીકિ-તુલસી, વ્યાસ એવોર્ડ ચિત્રકૂટ ધામમાં ૩૦ જુલાઈએ એનાયત થશે

ગાંધીનગર, તા. ૧૨

વાલ્મીકિ વ્યાસ તુલસી એવોર્ડ સમિતિ તરફથી તા. ૩૦મી જુલાઈના રોજ તુલસી જયંતીના દિવસે સવારે ૯ વાગે વાલ્મીકિ વ્યાસ તુલસી એવોર્ડ અર્પણ થશે. આ સમારંભ ત્રિકકુટધામ (તલગાજરડા) ગામે યોજાશે.

વાલ્મીકિ એવોર્ડ ભારતીય વિદ્યાભવન મુંબઈ, વ્યાસ એવોર્ડ શાસ્ત્રી યોગેશભાઈ જે. મહેતા (અમદાવાદ), તુલસી એવોર્ડ પ્રો. ફિલિપ લુટગેન્ડોર્ફ (અમેરિકા) તુલસી એવોર્ડ માનસરત્ન પં. ક્રિશ્નાનંદ ત્રિપાઠી (વારાસણી) તુલસી એવોર્ડ રામકથાના સર્વ શ્રોતાજનો પ્રત્યેક એવોર્ડ વિજેતાને વંદનપત્ર, સુત્રમાળ, શાલ, રૂ. ૧૨૫૦૦૦ રોકડ આપવામાં આવશે. પૂ. મોરારીબાપુ વતી હરિચંદ્ર જોશીએ જણાવેલ છે.



એબીવીપી ગાંધીનગર દ્વારા આજે અમરનાથ યાત્રા પર થયેલ આંતકી હુમલામાં મૃત્યુ પામનાર યાત્રાળુઓની આત્માઓને શ્રદ્ધાંજલી આપવાનો કાર્યક્રમ ઘ-૪ ગાંધીનગર ખાતે રાખેલ. જ્યાં વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તા સિવાય જાગૃત નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહી શ્રદ્ધાંજલી આપી તેમજ આ ઘટનાની સખત નિંદા કરી હતી.

## સિનિયર સિટીઝન કાઉન્સીલ મહિલા પાંખ દ્વારા વિદ્યાર્થીનીઓને સુકામેવાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૨

સિનિયર સિટીઝન કાઉન્સીલની મહિલા પાંખ દ્વારા શહેરની સેકટર-૧૨, ૭ અને સેકટર-૨૩ ની પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓને સુકામેવો, બક્કલ, પીનો, ફેન્સી ચાંદલા, મહેંદીના કોનનું વિતરણ ગૌરીવ્રત નિમિતે કરવામાં આવ્યુંહતું. આ પ્રસંગે આશાબેન દોશી, મીનાબેન શાહ, દામિનીબેન લાખીયા, અનીલાબેન રાણા, સુમનબેન શાહ, કોકિલાબેન મહેતા, ડાહીબેન પટેલ, ડાહીબેન ગોસ્વામી, જશુબેન ઠક્કર, શર્મિષ્ઠાબેન દવે, ઈન્દુબેન અમરાવતકર, આશાબેન મહેતાની હાજર રહીને સેવાઓ આપી હતી.

# કલોલ ખાતે વિશ્વ વસ્તી દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૨

કલોલ તાલુકાના નારદીપુર ગામ ખાતે આવેલ મહિલા ગ્રામ વિદ્યાપીઠ ખાતે વિશ્વ વસ્તી દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા આરોગ્ય અધિકારી ડો. એચ.પી. પ્રજાપતિ દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી ભારતની વસ્તી વધારાના કારણે ઉદભવતી સમસ્યાઓ અંગે હાજર સૌ કોઈને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાપીઠની બહેનો મોટીસંખ્યામાં હાજર રહી હતી.



આ પ્રસંગે ડો. એચ.પી. પ્રજાપતિએ વસ્તી વધારાને કારણે ઉદભવતી સમસ્યાઓ જેવી કે પર્યાવરણને અસર, રોજગારી, બેકારી, ગલોબલ વોર્મીગ, શિક્ષણને અસર, આરોગ્યને અસર, શહેરીકરણ જેવી વિવિધ સમસ્યાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ અંગે ટુંકી ફિલ્મો પણ દર્શાવવામાં આવી હતી. આ સંદર્ભમાં કુટુંબ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત નાનું કુટુંબ સુખી કુટુંબ, નાના કુટુંબના ફાયદા, મોડા લગ્ન, પ્રથમ બાળક લગ્ન બાદ તુરંત જ નહી, બે બાળકો વચ્ચે ત્રણ વર્ષનું અંતર, પીપીઆઈસીયુસીડી, કુટુંબ કલ્યાણની કાયમી અને બિન કાયમી પધ્ધતિઓ તેમજ નવી બિનકાયમી પધ્ધતિ અંતરા અને છાયા બાબતે માહીતી આપી હતી. કુટુંબના સર્વાંગી વિકાસમાં નાના કુટુંબનો ફાળો, એનેમિયા અટકાવવાની રીત, મેલેરીયા, ડેન્ગ્યુ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

# રાજયમાં સૌ પ્રથમ ગાંધીનગર તાલુકાના ૯૩ વ્યક્તિઓને વાળાના અને ૪ વ્યક્તિઓને યુએલસીના હુકમ સુપ્રત કરાયા

ગાંધીનગર, તા. ૧૨

સમગ્ર રાજયમાં ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં સૌ પ્રથમ વાળા અને યુએલસીના હુકમો આપવાની કામગીરી કરવામાં આવી સરકાર દ્વારા વર્ષ-૧૯૬૮થી જેમના નામે વાળાઓ હોય તેમને હક્ક આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાજયભરમાં ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકાએ સૌ



પ્રથમ આ કામગીરી કરી છે. જે કામગીરી અંતર્ગત આજે ગાંધીનગર તાલુકાના ૯૩ વ્યક્તિઓને વાળા અને ૪ વ્યક્તિઓને યુએલસીના હુકમો આપવામાં આવી રહ્યાં છે. સમગ્ર રાજયમાં સૌ પ્રથમ કામગીરી કરવા બદલ ગાંધીનગર પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ, મામલતદાર એ.જે. જોષી સહિત જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

આજરોજ ગાંધીનગર કલેકટર કચેરીના કમિટી ખંડમાં યોજાયેલ એક સમારંભમાં વાળા અને યુએલસીના હુકમો આપવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા, મોતીપુરા, સાદરા અને માધવગઢ ગામના ૯૩ વ્યક્તિઓને વાળાની સનદના હુકમો આપવામાં આવ્યા હતા. જયારે ઝુંડાલ ગામના ૪ વ્યક્તિઓને યુએલસીના હુકમો આપવામાં આવ્યા હતા. આ સમારંભમાં નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ, ગાંધીનગર મામલતદાર એ.જે. જોષી સહિત મોટી સંખ્યામાં તમામ ગામના સરપંચો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

છે. આજરોજ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના હસ્તે ગાંધીનગર તાલુકાના ૯૩ વ્યક્તિઓને વાળાના સનદ હુકમો અને ૪ વ્યક્તિઓને યુએલસીના હુકમો અર્પણ કરવામાં આવ્યા હતા.

શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજય

# સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

શ્રી સમસ્તા બ્રહ્મ સમાજ સેકટર-૨૬ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૨૪-૭-૧૭ થી ૨૧-૮-૧૭ સુધી દરરોજ રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન ભગવાન ભોળાનાથની શિવ આરાધનાનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે રક્ષાબંધનના દિવસે નૂતન-યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ તા. ૭-૮-૧૭ને સોમવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન સેકટર-૨૭ રંગમંચ ખાતે રાખવામાં આવેલ છે. ઉપરાંત આ પ્રસંગે તા.૨૭-૮-૧૭ ના રોજ રવિવારના રોજ જુ.કેજી થી ધો-૧૨ ના તેજસ્વી તારલાઓને સરસ્વતી સન્માન કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે. તો સેકટર-૨૬ ના સર્વે બ્રહ્મ પરિવારોને અનુરોધ કરવામાં આવ્યો છે કે પોતાના ઘરે શિવ-પૂજા અને મહિમ્ન પાઠ કરાવવા તેમજ નૂતન યજ્ઞોપવિત બદલવાના કાર્યક્રમમાં નામ નોંધાવવા માટે ઉપપ્રમુખ વિષ્ણુભાઈ જાની, પ્લોટ નં-૫૬૧-૧ સે-૨૬, કિસાનનગરનો સંપર્ક કરવો, તેમજ સરસ્વતી સન્માન માટે માર્કશીટની નકલ જમા કરાવવા દિનેશભાઈ જાની સી-૫૩ ગ્રીનસીટી, સે-૨૬, દિવ્યેશ શાસ્ત્રી પ્લોટ નં- ૧૨૬-૨ કિસાનનગર નો સંપર્ક કરવા જણાવાયુંછે. માર્કશીટની નકલ જમા કરાવવાની છેલ્લી તા.૧૫ ઓગષ્ટ છે આ પછી કોઈપણ માર્કશીટ સ્વીકારવામાં આવશે નહી.

# અપ્રતિમ સાહસ દર્શાવનારા બાળકોનું નેશનલ બ્રેવરી એવોર્ડથી સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૧૨

કેન્દ્ર સરકારની ઈન્ડિયન કાઉન્સિલ ફોર ચાઈલ્ડ વેલફેર નામની સંસ્થા અપ્રતિમ સાહસ દર્શાવી ઉદાહરણરૂપ કાર્ય કરનારા બાળકોને પ્રતિવર્ષ નેશનલ બ્રેવરી એવોર્ડથી સન્માન કરે છે. એવોર્ડ માટે ૧ જુલાઈ-૨૦૧૬ થી ૩૦ જુન ૧૭ દરમિયાન દાખવેલી સાહસવૃત્તિ માટે નામાંકન નોંધાવવા માટે નિર્દિષ્ટ ફોર્મમાં ભલામણ સાથે સપ્ટેમ્બર મહિના સુધીમાં અરજી કરવા કાઉન્સિલના પ્રેસિડેન્ટ સુશ્રી ગીતા સિદ્ધાર્થે જણાવ્યુ છે.

બાળકો દ્વારા કરાયેલા હિંમતભર્યા સાહસિક કાર્યને બિરદાવવા ૬ વર્ષથી ૧૮ વર્ષની વય ધરાવતા બાળકોને આ એવોર્ડ એનાયત કરાય છે જે અંતર્ગત ગંભીર શારીરિક ઈજાઓ કે જીંદગી સામે મોટો ખતરો સર્જી શકે તેવી સ્થિતીનો સામનો અથવા તો કોઈ સામાજિક દુષણ કે ગુના સામે ઉદાહરણરૂપ સાહસ-હિંમત દાખવી હોય તેવા બાળકોની આ સાહસ-હિંમતનું અન્ય માટે પ્રેરણારૂપ બની શકે તે માટે રાષ્ટ્રીય કક્ષાએ સન્માન કરવામાં આવે છે.

સાહસિકતા માટે બાળકોને અપાતા રાષ્ટ્રીય એવોર્ડની શરૂઆત ૬૦ વર્ષ પહેલાં વર્ષ ૧૯૫૭માં કરવામાં આવી હતી. એવોર્ડનો મુખ્ય હેતુ સાહસ દર્શાવનાર બાળકના સાહસને ખરેખર ખ્યાતી મળે અને અન્ય બાળકો સાહસ અને હિંમતથી કાર્ય કરવા કે ઉપસ્થિત પરિસ્થિતીનો સામનો કરવા પ્રેરિત થાય અને આત્મસ્ફુરણાથી નિઃસ્વાર્થ ભાવે જીવન સામે ઉભા થયેલા ખતરા કે શારીરિક ઈજાની ગંભીરતાનો હિંમત દાખવી સામનો કરી શકે.

## રોટરી કલબ ઓફ કેપીટલ ગાંધીનગર દ્વારા જીએસટી અંગે સેમીનાર યોજાશે

રોટરી કલબ ઓફ કેપીટલ દ્વારા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ અંગે સેમીનાર આગામી તા.૧૫ જુલાઈને શનિવારના રોજ સાંજે ૫.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન સેકટર-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાશે. જીએસટી અંગેના આ સેમીનારમાં વકતા તરીકે સી.એ. અમીશભાઈ ખંધાર, મુખ્ય મહેમાન તરીકે મધુર ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણા, તેમજ ગુજરાત જીએસટીના જોઈન્ટ કમિશનર પી.જે.વાળા ઉપસ્થિત રહેશે. આ સેમીનારમાં શહેરના તમામ બિઝનેસમેન, ટેક્ષ પ્રેકટીશનર અને જાહેર જનતાને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ બી.કે.ચાવડાએ અનુરોધ કર્યો છે.

**કાર્યપાલક ઈજનેર ઈરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં.૦૮/૨૦૧૭-૧૮**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા (ફોન નં. ૦૨૭૭૪ ૨૪૬૪૯૬) દ્વારા પ્રોવાઈડીંગ એન્ડ ફિક્સીંગ મોડ્યુલર ફર્નિચર એટ જિલ્લા પંચાયત ભવન બિલ્ડીંગ મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લીના કામ માટે જેની અંદાજીત કિંમત ૨૯૯.૮૨ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૭/૭/૨૦૧૭ થી તા. ૨૪/૭/૨૦૧૭ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

સહી/-
કાર્યપાલક ઈજનેર
અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ
મોડાસા

ક્રમાંક/નામાનિ/હિંમત/૨૩૦/૨૦૧૭-૧૮

**નામ બદલેલ છે**

મારા સુપુત્રનું જુનું નામ પટેલ કલરવકુમાર હસમુખભાઈ હતું. જે હવેથી બદલીને પટેલ કલરવ હસમુખભાઈ રાખેલ છે.

લી.
**પટેલ હસમુખભાઈ કેશવલાલ**
પ્લોટ નં. ૧૨૮૧/૧, સેક્ટર-૭/ડી,
ગાંધીનગર-૩૮૨૦૦૭

**જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૭-૨૦૧૮**

કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, બ્લોક નં.૭, બીજો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૪૯૨ની કચેરી દ્વારા કચેરીના નીચે દર્શાવ્યા મુજબની વિગતોના રીપેરીંગ / સર્વિસીંગ / ખરીદી / અન્ય પ્રકારની કામગીરી સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નિયત કરેલ ટેન્ડર ફી (નોન રીફંડેબલ) રૂબરૂમાં ઉપરના સરનામે કચેરીની જનરલ શાખામાંથી કોરા ભાવપત્રકો મેળવવાના રહેશે. ભાવપત્રકો મેળવવા માટે ઉક્ત દર્શાવેલ આઈટમ બાબતે જરૂરી અનુભવ તેમજ સરકાર માન્ટ રજીસ્ટ્રેશન ધરાવતા હોઈ લાગુ પડતું હોય તો પાર્ટીએ જરૂરી દસ્તાવેજો રજૂ કરેથી મળશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો.

| | |
|---|---|
| ૧. ફર્નિચર - ડેડસ્ટોક રીપેરીંગ | ૫. કન્ઝુમર - સ્ટેશનરી જનરલ આઈટેમની ખરીદી |
| ૨. કોમ્પ્યુટર પ્રિન્ટર ટોનર કાર્ટીજ રીફીલિંગ/રીપેરીંગ | ૬. આર.ઓ. પ્લાન્ટ રીપેરીંગ-સર્વિસ-મેન્ટેનન્સ |
| ૩. વોટર કુલર રીપેરીંગ - સર્વિસ - મેન્ટેનન્સ | ૭. ઝેરોક્ષ કાગળ ખરીદી |
| ૪. એ.સી. રીપેરીંગ - સર્વિસ - મેન્ટેનન્સ | ૮. ઈલેક્ટ્રીક મરામત - સર્વિસ |

(૨) આઈટેમ નં. ૨, ૫, ૮ માટે ફક્ત ગાંધીનગર શહેરની જ પાર્ટીઓ ભાગ લઈ શકશે.
(૩) આઈટેમ નં. ૧, ૩, ૪, ૬, ૭ માટે ગાંધીનગર/અમદાવાદ શહેરની જ પાર્ટીઓ ભાગ લઈ શકશે.
(૨) કોરા ભાવપત્રકો મેળવવાની તારીખ : ૧૭/૭/૨૦૧૭ થી તા. ૩૧/૭/૨૦૧૭ ૧૬.૦૦ કલાક સુધી
(૩) ભરેલ ભાવપત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨/૮/૨૦૧૭ ૧૬.૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. રૂબરૂ કે કુરીયર દ્વારા ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં.

સહી/-
(એચ.બી. પટેલ)
અધિક નિયામક
કુટિર અને ગ્રામોદ્યોગ

માહિતી/૧૦૩૨/૧૭-૧૮